**GJNV040019672025**

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | ૧૯/૧૧/૨૦૨૫ | | | |
| દાખલ તારીખ | ૧૯/૧૧/૨૦૨૫ | | | |
| ફેંસલ તારીખ | ૧૭/૦૬/૨૦૨૬ | | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** | |
| | ૦૦ | ૦૨ | ૧૯ | |

**IN THE COURT PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C AT, VANSDA, DIST. NAVSARI.**
**(Presided Over by R.R.BARIA)**

**CC/1685/2025**
**Exhibit No.13**

| | |
|---|---|
| ફરિયાદી:– | **શ્રી સરકાર** |
| ફરિયાદપક્ષે:– | **વિદ્વાન એ.પી.પી શ્રી જે.એમ.ઢોડીયા** |
| આરોપી– | **અર્ચીતભાઈ ઈસુભાઈ ના.પટેલ**<br>રહે. કુકડા, નીચલા ફળીયા,<br>તા.વાંસદા, જી.નવસારી |
| બચાવપક્ષે:– | **વિ.વ.શ્રી જી.બી.પટેલ** |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૧/૦૯/૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | ૨૧/૦૯/૨૦૨૫ |
| આખરી અહેવાલ રજૂ થયા તારીખ | ૨૬/૧૧/૨૦૨૫ |
| તહોમતનામું ધડયા તારીખ | ૧૭/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૦/૦૧/૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૧૭/૦૬/૨૦૨૬ |
| આખરી હુકમ:– | આરોપીને શંકાનો લાભ આપી છોડી મુક્યા |

## // આરોપીની વિગત //

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | અર્ચીતભાઈ ઈસુભાઈ ના.પટેલ | ૨૩/૦૯ /૨૦૨૫ | ૨૩/૦૯ /૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ- ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧ (૨) તથા જી.પી.એકટ કલમ-૧૩૫ | શંકાનો લાભ આપી છોડી મુક્યા | - | - |

## JUDGMENT

**<u>(Delivered by R.R.Baria on 17/06/2026)</u>**

**<u>ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને તહોમતદારો વિરુદ્ધનું તહોમત:</u>-**

(૦૧) ફરિયાદી દ્વારા આ કામના તહોમતદાર વિરૂધ્ધ તેઓની ફરિયાદ હકીકત વાંસદા પોલીસ સ્ટેશન ખાતે જાહેર કરતા વાંસદા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૮૨૨૦૦૩૨૫૧૦૯૭/૨૦૨૫ થી ભારતીયન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૨) મુજબ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજનો ગુનો રજિસ્ટર કરી આગળની તપાસ શરૂ કરેલી.

(૧.૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૨૧/૦૯/૨૦૨૫ ના રોજ ૧૭/૩૦ વાગ્યાના અરસામા આ કામે આરોપી અર્ચિતભાઈ ઈસુભાઈ નાયકા રહે.કુકડા નીચલુ ફળીયુ, તા.વાંસદા, જી.નવસારીનાઓએ દારૂનો નશો કરી ફરીયાદી ઈસુભાઈ ભાણાભાઈ ના.પટેલ નાઓને ''આ બધી તારા નામે જમીન છે તે જમીન હવે તારી નથી પણ બધી મારી જમીન છે તુ

અત્યારે ને અત્યારે ઘરમાંથી નીકળી જા નહી તો તને મારી નાખીશ'' અને પોટલુ બાંધીને તારી લાશ ફેંકી દઈશ તેમ કહી ફરીયાદીને થાપડ મારી તેઓના ઘરે બાળવા માટે રાખેલા લાકડામાંથી એક લાકડુ લઈને જમણા હાથમાં તથા પગમા પાંચ છ–એક ઝપેટા મારતા ફરીયાદી નીચે જમીન ઉપર પડી ગયેલ ત્યારબાદ પણ આરોપીએ ફરીયાદીને કમરના ભાગે તથા શરીરના અન્ય ભાગે પણ માર મારેલ અને ઘરના આંગણાની બહાર એક પત્થરથી ફરીયાદીના માથામા અફાળી દઈ તેમજ ફરીયાદીને નાલાયક ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી મે.કલેકટર સાહેબશ્રીનાઓના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી પકડાયેલ. જે બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા જે વાંસદા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૧૧ ૮૨૨૦૦૩૨૫૧૦૯૭/૨૦૨૫ થી ભારતીયન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૨) મુજબ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**<u>પોલીસ તપાસ :–</u>**

(૨) ફરિયાદીની ફરિયાદ આધારે તપાસ કરનાર અમલદાર ધ્વારા ગુનાનુ સંજ્ઞાન લઈ તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાક્ષીઓના નિવેદનો લીધેલ તેમજ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ તેમજ તપાસ દરમ્યાન આરોપી મળી આવતા તેઓને અટક કરી આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાઈ આવતા ગુનાનુ ચાર્જશીટ કરેલ હતુ.

**<u>કોર્ટ કાર્યવાહી :–</u>**

(૩) તપાસ કરનાર અમલદારે રજૂકરેલ ચાર્જશીટ આધારે ગુન્હાનુ સંજ્ઞાન લઈ આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરેલ.

જે આરોપીને સમન્સ ધોરણસર બજવણી થતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને આપવાના પોલીસ પેપર્સ નકલ પુરી પાડયા અંગે ખાતરી કરેલ. જે બાદ આરોપીને ફરિયાદ મુજબનો આક્ષેપ મુજબનુ આંક-૦૪ થી રજૂ તહોમતનામુ વાંચી સંભળાવતા આરોપી દ્વારા તેનો ઈન્કાર કરેલ છે. જે અંગે આરોપીનો આંક-૦૫થી જવાબ-પ્લી લીધેલ છે. જે બાદ હાલનુ કામ ફરિયાદીના પુરાવા માટે મુલત્વી રાખેલ છે. જે બાદ ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ આ સાથે પરિશિષ્ટથી સામેલ છે.

**<u>આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદન :-</u>**

(૪) ફરિયાદપક્ષે તેઓનો પુરાવો પુર્ણ કર્યાનુ જાહેર કરતા ફરિયાદપક્ષના કેસમાંથી આરોપી વિરૂધ્ધ નીકળી આવતા સંજોગો તરફે આરોપીનુ ધ્યાન દોરવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૫૧ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો મળી આવેલ ન હોય આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. તેમજ આરોપીપક્ષ તરફે તેઓના બચાવના સમર્થનમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાઓ રજૂ કરેલ નથી.

**<u>પક્ષકારો તર્ફેની દલીલો :-</u>**

(૫) હાલના કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.એમ.ઢોડિયા તથા આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે. જે દલીલોનુ પુનરાવર્તન ન થાય તે હેતુસર કારણો સાથે તે અંગે ચર્ચા કરવામાં આવેલ છે.

**<u>તહોમતદારો વિરૂધ્ધનું તહોમત / મુદ્દા :-</u>**

(૬) ફરિયાદપક્ષ ધ્વારા રજૂ થયેલ પુરાવા તેમજ પક્ષકારો તરફે કરેલ દલીલો આધાર. આ કેસના ન્યાયિક નિર્ણયો માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,ગઈ તા.૨૧ /૦૯/૨૦૨૫ ના રોજ ૧૭/૩૦ વાગ્યાના અરસામા આ કામે આરોપી અર્ચિતભાઈ ઈસુભાઈ નાયકા રહે.કુકડા નીચલુ ફળીયુ, તા.વાંસદા, જી.નવસારીનાઓએ દારૂનો નશો કરી ફરીયાદી ઈસુભાઈ ભાણાભાઈ ના.પટેલ નાઓને ''આ બધી તારા નામે જમીન છે તે જમીન હવે તારી નથી પણ બધી મારી જમીન છે તુ અત્યારે ને અત્યારે ઘરમાંથી નીકળી જા નહી તો તને મારી નાખીશ'' અને પોટલુ બાંધીને તારી લાશ ફેંકી દઈશ તેમ કહી ફરીયાદીને થાપડ મારી તેઓના ઘરે બાળવા માટે રાખેલા લાકડામાંથી એક લાકડુ લઈને જમણા હાથમાં તથા પગમા પાંચ છ-એક ઝપેટા મારતા ફરીયાદી નીચે જમીન ઉપર પડી ગયેલ ત્યારબાદ પણ આરોપીએ ફરીયાદીને કમરના ભાગે તથા શરીરના અન્ય ભાગે પણ માર મારેલ અને ઘરના આંગણાની બહાર એક પત્થરથી ફરીયાદીના માથામા અફાળી દઈ તેમજ ફરીયાદીને નાલાયક ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી મે.કલેકટર સાહેબશ્રીનાઓના જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧ (૨) મુજબ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) નકારમાં,

૨) આખરી હુકમ મુજબ.

**<u>ન્યાય નિર્ણય :</u>–**

(૦૮) (૮.૦) ક્રિમીનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ મુજબ ફરિયાદપક્ષે તહોમતદારો સામે મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને તેમાં તહોમતદારો દોષિત છે તેવો પુરાવો વિશ્વાસનીય પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરવાનો હોય છે. તહોમતદારો પોતે નિર્દોષ છે તેવું તહોમતદારોએ પુરવાર કરવાનું હોતુ નથી. ફોજદારી કેસોમાં તહોમતદારોને કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ દોષિત ઠરાવવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર આવે છે અને ત્યાં સુધી ટ્રાયલ દરમ્યાન તહોમતદારો નિર્દોષ છે તેવા મંતવ્ય સાથે ટ્રાઇલ પૂર્ણ કરવાની છે. પરંતુ તહોમતદારો નિર્દોષ છે તે અંગેના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી તેમજ પૂરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને જો ફરિયાદપક્ષ પોતાની આ જવાબદારીમાં નિષ્ફળ જાય તો તેનો લાભ તહોમતદારોને મળવો જોઇએ. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ મુજબ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે ફક્ત Prove અને Not Prove લખવામાં આવે છે. કોઇ હક્કિતનું અસ્તિત્વ સાબિત માનવું તે પુરાવાના આધારે તહોમતદારો નિર્દોષ છે કે દોષિત છે તે અંગે ઠરાવ કરવામાં આવે છે. પુરાવાના પ્રકારો ધ્યાને લેતા પ્રત્યક્ષ પુરાવો, સાંભળેલો પુરાવો તેમજ સાંયોગિક પુરાવો હોય છે. સાંયોગિક પુરાવો ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ મુજબ રીલીવન્ટ ફેકટ એટલે કે જરૂરી તથ્ય તેમજ કલમ–૬ મુજબ પુરાવાઓની સાંકળથી પુરવાર થાય છે. આમ, હાલના કામના તહોમતદારો વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૨) મુજબ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનાં ગુનાનો આક્ષેપ છે. ત્યારે ફરિયાદપક્ષે સદર ગુન્હાના આવશ્યક તત્વો રેકર્ડ ઉપરથી શંકાથી પર સાબિત કરવાનું રહે છે.

(૯) (૯.૧) હવે, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ ફરિયાદપક્ષે રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવાની ચર્ચા કરવામાં આવે તો ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે આંક-૭ થી ફરિયાદી ઈસુભાઈ ભાણાભાઈ નાયકા ને તપાસવામાં આવેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો, આશરે એક વર્ષ પહેલા તેઓ તેમના ઘરે હાજર હતા ત્યારે તેમનો પુત્ર અર્ચિતભાઈ ઈશુભાઈ નાઓ તેમની પાસે આવેલા અને જમીન બધી મારી છે તેવુ કહી તેમની સાથે સામાન્ય બોલાચાલી કરેલી. બનાવમાં બીજુ કશુ બનેલુ નહી. તેમને કોઈએ કોઈ વસ્તુથી માર મારી ઈજા પહોંચાડેલ હોય તેવું બનેલ નહી. તેઓએ વાંસદા પોલીસ સ્ટેશનમાં ફોન કરતા પોલીસ આવી ગયેલી અને તેઓ તેમને બેસાડી વાંસદા પોલીસ સ્ટેશન લઈ ગયેલા અને ત્યાંથી કાગળો કરી તેમને વાંસદા કોટેજ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા. તેમને કોઈએ કોઈ પ્રકારના અપશબ્દો બોલી ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. બનાવ બાબતે કાયદેસર થવા તેઓએ વાંસદા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. ફરીયાદમાં તેઓએ સહી કરેલી. તેઓના પુત્રએ તેમને કોઈ વસ્તુથી માર મારેલ હોય અને ઈજા પહોં ચાડેલ હોય તેવુ બનેલ નહી. બનાવમાં બીજુ કશુ બનેલ નહી. બનાવ બાબતે તેઓ બીજુ કશુ જાણતા ન હોવાનુ જણાવતા તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા ફરિયાદની હકીકતને સમર્થનકારી હકીકત જણાવેલ નથી. ત્યારબાદ તેઓની બચાવપક્ષ તરફે તેઓના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરતા તેઓએ એ હકિકતનો સ્વીકાર કરે છે કે, આરોપીએ તેમને કોઈ ઈજા પહોંચાડેલી નહી કે માર મારેલો

નહી. આમ, મૂળ ફરીયાદી તેઓની જુબાનીમાં આંક–૮ વાળી ફરીયાદની હકીકતોને સમર્થન કરતા ન હોય આ કામના તહોમતદારોએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કર્યા હોવાની હકીકત પુરવાર થતી નથી.

(૯.૨) આમ, ફરિયાદપક્ષ તરફે આંક–૦૯ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજૂ કરવામાં આવેલ છે. જેને વંચાણે લેતા બનાવની જગ્યાની હકીકત પુરવાર થતી નથી. તેમજ આંક–૧૦ થી અટક પંચનામુ રજૂ કરવામાં આવેલ છે. જેને વંચાણે લેતા પણ આરોપી વિરૂધ્ધની કોઈ હકીકત જણાઈ આવેલ નથી. આમ, જયારે ખુલ ફરીયાદી પોતાની જુબાનીમાં કોઈ બનાવ બનેલ ન હોવાનુ જણાવતા હોય ત્યારે ફરિયાદપક્ષ તહોમત મુજબની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

(૯.૩) તેમજ સદર કામે ફરિયાદપક્ષ તરફે આંક–૧૧ થી સારવાર પ્રમાણપત્ર રજૂ કરેલ છે. જે વંચાણે લેતા શરીરના ભાગે ઈજા થયેલ હોવાનુ જણાઈ આવે છે. પરંતુ, સદર જયારે ખુદ ઈજા પામનાર તેઓની જુબાનીમાં કોઈ એ માર મારેલ કે ઈજા પહોંચાડેલ ન હોવાની હકીકત જણાવતા હોય ત્યારે ફરીયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલ પ્રમાણપત્ર ફરિયાદપક્ષને મદદરૂપ થતુ નથી. જેથી આ કામના આરોપીએ આ કામના ફરીયાદીના માતાને ઈજા પહોંચાડેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. તેમજ ફરિયાદપક્ષ તરફે વધુ કોઈ પુરાવા રજૂ કરવા માંગતા ન હોય તે મુજબની કલોઝિંગ પુરસીસ આંક–૧૨ થી રજૂ કરવામાં આવતા ફરિયાદપક્ષ તરફે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૧૦) (૧૦.૦) આમ, આ કામે રેકર્ડ પર રજૂ થયેલ પુરાવનુ સમગ્ર પણે મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષ આ કામના તહોમતદારો સામે મૌખિક, દસ્તાવેજી કે સાંયોગિક પુરાવા ધ્વારા આક્ષેપિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૨) મુજબ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાઓનુ તહોમત નિ:શંકપણે શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમાં'' આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ અંગે તથા કેસના આખરી નિકાલ સારૂ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી **અર્ચીતભાઈ ઈસુભાઈ ના.પટેલ** રહે. કુકડા, નીચલા ફળીયા, તા.વાંસદા, જી.નવસારીનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૨) મુજબ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં એપેલેટ કોર્ટ સમક્ષ તહોમતદારની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ: ૪૮૧(૧) ની જોગવાઈ મુજબ અગાઉના જામીનદાર ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો તહોમતદારના અગાઉના

જામીન ના હોય તો તે સંજોગોમાં તહોમતદારએ રૂા.૫,૦૦૦/– ના અપીલ સમયના નવા જામનીખત અને જાત–મુચરકા રજૂ કરવા.

હુકમ તારીખ–૧૭/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૬/૨૦૨૬
વાંસદા.

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વાંસદા, જિ.નવસારી.
**UID GJ-01609**

## –:ચુકાદાનું પરિશિષ્ટ:–

**<u>ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીઓની યાદી</u>**

### અ. ફરિયાદપક્ષ

| નં. | શાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ઈસુભાઈ ભાણાભાઈ નાયકા | ૦૭ | ફરિયાદી |

### બ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો

| નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

### ક. અદાલતના સાક્ષી, જો હોય તો

| નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| –– | –– | –– | –– |

**<u>ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજોના આંકની યાદી</u>**

### અ. ફરિયાદપક્ષના દસ્તાવેજ

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરિયાદ |
| ૨ | ૦૯ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૧૦ | અટક પંચનામુ |
| ૪ | ૧૧ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૫ | ૧૨ | કલોઝિંગ પુરસીસ |

### બ. બચાવપક્ષના દસ્તાવેજ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| –– | – | –– |

### ક. અદાલતના દસ્તાવેજ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

**ડ. ભૌતિક પદાર્થ**

| અનુક્રમ | સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

તા.૧૭/૦૬/૨૦૨૬
વાંસદા.

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વાંસદા, જિ.નવસારી.
**UID GJ-01609**